# શહેરમાં વિકાસના નામે વૃક્ષ છેદન અટકાવવાની નાગરીકોની ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર વિકાસની વણઝારના નામે વર્ષોથી ઉછેરવામાં આવેલા લીલાછમ ઘટાદાર વૃક્ષોનુ નિકંદન કાઢી રણસીટી તરફ જવા જઈ રહ્યું છે જેનું નગરજનો દ્વારા ભારોભાર દુખ વ્યકત કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજયની રાજધાની ગાંધીનગર શહેરની ઓળખ ગ્રીનસીટી ગાંધીનગર તરીકે હતી અને વર્લ્ડમાં ગીનસીટી તરીકે એવૉર્ડ મેળવેલ હતો તથા પર્યાવરણ ની દ્દષ્ટિએ હળભરી વનરાજીથી દીપી ઉઠતુ હતું. શાંતશિતળ વાતાવરણ ને ધ્યાને લઈ અન્ય રાજયોના નાગરિકો પરદેશમાંથી રહેવા વસવાટ કરવા આવતા હતા પરંતુ સરકારના લાંબા ગાળાના વિકાસ ને ધ્યાને લીધા સિવાય આડેધડ સરકારી ખુલ્લી જગ્યામાં તથા જાહેર રોડની બંન્ને સાઈડ વૃક્ષો વાવવામાં આવેલા છે જે રોડ પહોળા કરવા અને વિકાસના નામે આડેધડ નિકંદન કાઢી નાખવામાં આવ્યુ છે જેના કારણે પર્યાવરણ ને નુકસાન અને ઓકસીજનનું પ્રમાણ ઘટી રહ્યું છે અને નગરજનોને શ્વાસ ઓકસીજન લેવામાં પણ તકલીફ પડી રહી છે આડેધડ વિકાસના નામે શહેરનો વિનાશ થઈ રહ્યો છે. જેટલા વૃક્ષો કાપવામાં આવે છે તેટલા વૃક્ષો ઉછેરવામાં આવતા નથી તેથી વૃક્ષોની સંખ્યા ઘટતી જાય છે અને શહેરના પર્યાવરણ ને



ભારોભાર નુકસાન થાય છે.

નવા વૃક્ષો ઉછેરવા માટે કરોડો રૂપિયાના બજેટ નું આયોજન કરવામાં આવે છે પરંતુ વનવિભાગની બેદરકારી ને કારણે નિષ્ફળ જાય છે આથી કરોડો પ્રજાના ટેક્ષના રુપિયા પાણીમાં જાય છે.

અત્યારે હાલ સરકારની નગરજનોને આગામી વિકાસ ને ધ્યાને લઈ શહેરમાં ૨૪ કલાક પાણી આપવા માટે પાણીની ભુગર્ભ લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે જેના કારણે જાહેર રોડ સાઈડ આવતા વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહયું છે જેમાં શહેરમાંથી અસંખ્ય આડેધડ વૃક્ષોનો ખુરદો બોલાવવામાં આવનાર છે હાલમાં શહેરના ખ રોડ પર ઉત્તર દક્ષિણ કામગીરી ચાલી રહી છે. જેમાં આડેધડ વૃક્ષોનુ નિકંદન કાઢવામાં આવ્યું છે. લીલાછમ ઘટાદાર વૃક્ષોની એક બે દિવસમાં કતલ થઈ જશે તેઓ જીવતદાન માટે આજીજી કરી રહેલ હોય તેવા દ્દશ્યો દેખાય છે પરંતુ આપણે નગરજનોને આંખે પાટા બાધી જોવાનું સત્તા સામે શાન કામમાં આવતી નથી પરંતુ સરકારને વિનંતી છે કે શકય હોય નડતર ન હોય તેવા વૃક્ષો બચાવવાનો પ્રયત્ન કરવામાં આવે અને નવા વૃક્ષો કાળજી પૂર્વક માવજત સાથે ઉછેરવામાં આવે નહિતર વિકાસના નામે વિકાસ થશે તો પર્યાવરણને નુકસાન થશે અને ગાંધીનગર શહેર ને પુનઃ ગ્રીનસિટીને બદલે નગરજનો સરકાર ને રણસિટીનો એવૉર્ડ આપશે.

જે શહેરમાંથી વૃક્ષો કાપવામાં આવે છે જે વૃક્ષો સરકારના વનવિભાગના ડેપોમાં સરકારી ચોપડે આવક જમા થાય છે કે નહિ તે શંકાસ્પદ છે તેની કયારેય કેટલી લાકડાની હરાજી થઈ તેની પુરેપુરી તપાસ ઉચ્ચ કક્ષાએ સરકાર દ્વારા ઓડીટ કરવામાં આવે કારણકે ઘણા વૃક્ષો કાપી થોડા વન વિભાગના ડેપોમાં અને ઘણા બારોબાર વેપાર થઈ જતો હોય તેવું આધારભૂત જણાયું હતું.

ગાંધીનગર શહેરના નગરજનોને તથા શહેરની જુદા જુદા પ્લેટફોર્મ પર ચલાવતા સ્વૈચ્છિક સંસ્થાઓ સામાજિક સંસ્થાઓ મંડળો વસાહત મહામંડળો નાગરિક પરિષદો શહેરના તટસ્થ આગેવાન નાગરિકો સંગઠીત થઈ પોતાની પદ હોદ્દા માનસન્માન બાજુ મુકી શહેરની સમસ્યાઓ માટે એક થવાની પહેલ કરવામાં આવી હતી પ્રજાની કમાણીના મિલિયન વેરા ટેક્ષ જુદા જુદા વેરાઓ ઉઘરાવી શહેરીજનોને પાથમિક સુખ સુવિધા આપવામાં આવતી નથી નકકર કામગીરી થતી નથી અને આડેધડ વિકાસના નામે પ્રજાના પૈસાનો ધુમાડો કરી લુટ થઈ રહી છે જે જાગૃત થવાની જરૂર છે. નાગરીકો લોકશાહી મતનો ઉપયોગ કરીને જેતે સરકારની શાન ઠેકાણે લાવી શકે છે અને વૃક્ષોનું આડેધડ નિકંદન બંધ ન થાયતો સરકારનું લોકશાહી ઢબે નિકંદન કાઢી શકવાની નાગરિકોની તાકાત છે આથી નગરજનોને સાથ સહકાર આપવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા નમ્ર વિનંતી કરવામાં આવી હતી.



ગાંધીનગરમાં અંડરગ્રાઉન્ડ ગટરની સુવિધા ખુબ સરસ છે પરંતુ ગટર ઉભરાવવાની સમસ્યાથી વસાહતીઓ ત્રસ્ત બન્યા છે. ઘણા સેક્ટરોમાં ગટર ઉભરાવવાની સમસ્યા હોઈ દુર્ગંધ મારતુ પાણી વારંવાર રોડ પર રેલાય છે. સેક્ટર-૧૧માં કોર્ટની પાછળના ભાગે છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાય છે. અહીંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓને દુર્ગંધ સહન કરવી પડે છે.


# કુડાસણ સ્થિત લાભ વર્ધ સાઈટ પરથી ૬ ખુરશી ટેબલની ચોરી

ગાંધીનગર, તા.૨૦

કુડાસણ ખાતે આવેલી લાભ વર્ધ સાઈટ પર ઓફિસ બહાર મુકેલી ૬ ખુરશી ટેબલની ચોરી થતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ચોર શખ્સો રાત્રીના સમયે એક થી દોઢની વચ્ચે અજાણ્યા શખ્સો એકટીવા પર લઈ ગયા હતા. પોલીસે રૂ.૪ હજારની ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બેચરાજી તાલુકાના ગાંભુ ગામના ભરત લક્ષ્મણભાઈ રાવળ હાલ સેકટર-૫ બી ખાતે પ્લોટ નં૭૨૯-૧ ખાતે પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર ખાતે બિલ્ડરનો કામ ધંધો કરી ગુજરાન ચલાવે છે. જયારે કુડાસણ ખાતે ભરતભાઈ લાભ વર્ધ નામની સાઈટ શરુ છે. ગત તા.૧૭ ફેબ્રુઆરીના રોજ સવારે સાઈટ પર ખોદકામ ચાલુ હોવાથી ત્યાં આગળ બેઠક માટે સાઈટ ઉપર ઓફિસ બનાવેલી છે. તેની બહાર ખુરશી અને ટેબલ મુકેલા હતા. જયારે લગ્ન પ્રસંગ હોવાથી ચોકીદાર બહાર ગયા હતા. જયારે તેમનો દિકરો હતો જે રાત્રીના સમયે ઓફીસમાં સુઈ ગયો હતો. જયારે સીસીટીવી ચેક કરતા રાત્રીના સમયે ત્રણ શખ્સો એકટીવા પર આવ્યા હતા અને એકટીવા દુર ઉભુ રાખીને બે શખ્સો ઓફીસ પાસે ગેટ ખોલી અંદર આવીને ઓફિસ બહાર રહેલી પ્લાસ્ટીકની ૬ ખુરશી અને એક ટેબલ મળી કુલ રૂ.૪હજારની મત્તાની ચોરી થતા પોલીસે મથકે ફરીયાદ નોંધાઈ છે.

## હરિની દ્દષ્ટિ... - હરિન ભટ્ટ



હવે ફરવા લઈ જાવ... અત્યાર સુધી કોરોનાનું બહાનું કરી ટાળતા હતા.

# સેકટર-૨૧ શૌચાલય ખાતે નોકરી કરતા યુવક પર હુમલો

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સેકટર-૨૧ શૌચાલય પર ફરજ બજાવતા યુવકને શૌચાલય પાછળ છાપરામાં રહેતા શખ્સે પાઈપ વડે મારતા ઈજા પહોંચી હતી. યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ બિહારના રાજેશ સુરેન્દ્રસિંહ રાજપૂત બે દિવસ પહેલા રાત્રીના સમયે ઘરે હતો. તે સમયે શૌચાલયની પાછળ છાપરામાં રહેતો કિશન દેવીપુજક દારુ પીધેલી હાલતમાં પાઈપ લઈને આવ્યો હતો. કિશન તને કેટલીવાર કીધુ છે.તુ અહીથી રૂમ છોડીને જતો રહે, તુ કેમ ગયો નથી. તેમ કહી રાજેશને મોઢા પર પાઈપ મારી હતી. જેમાં રાજેશને લોહી નીકળતા કિશનનો હાથ પકડી પાડ્યો હતો. જેથી હોહા થતા કિશનની પત્ની ગૌરી અને દિકરી પણ દોડી આવીને રાજેશને માર મારવા લાગી હતી. આ દરમિયાન રાજેશના ઘરે આવેલા મહેમાન અને તેની પત્ની દોડી આવી હતી અને રાજેશને વધુ મારમાંથી છોડાવ્યો હતો. જયારે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ જતા ત્રણેય જણા રૂમ ખાલી કરી દેવા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. રાજેશને સિવિલમાં સારવાર માટે લઈ જવાયો હતો. જયારે બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.



## પ્રભુ પ્રસાદ સેવા ગ્રુપ દ્વારા ૪૦૦થી વધુ પશુઓને ઘાસચારાનું નિરણ

ગાંધીનગર, તા.૨૦

પ્રભુ પ્રસાદ સેવા ગ્રુપ દ્વારા અબોલ ૪૦૦થી વધુ પશુઓને ઘાસચારાનું નિરણ આપવામાં આવ્યું હતું. ઘાસીલાલ પશુ આશ્રય ગૃહ,ઓઢવ, પાંજરાપોળ ખાતે ૪૦૦થી વધારે પશુઓને લગભગ ૧૮૦ મણથી વધારે લીલો ઘાસચારો આપવામાં આવ્યો હતો. આ સેવાકાર્યમાં દાતાનો પ્રભુ પ્રસાદ સેવા ગ્રુપ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# સેકટર-૨૯ મહાલય એપાર્ટમેન્ટમાં આગ




શહેરના સેકટર-૨૯ ખાતે પ્લોટ નં. ૨૦૩ મહાલય એપાર્ટમેન્ટમાં પાર્થ ચંદ્રકાંતભાઈ પારેખ પોતાના પરીવાર સાથે રહે છે. જયારે તેમના મકાનમાં બીજા માળે અચાનક બપોરના સુમારે આગ લાગી હતી. ઘરની ગેલેરીમાં ખાલી ડબ્બા તેમજ પેપર, પુંઠા સહિત પરચુરણ ચીજવસ્તુઓ પડી હતી. ત્યારે ગેલેરીમાં અચાનક આગ લાગતા આ ચીજવસ્તુઓ બળીને ખાક થઈ ગઈ હતી. જયારે આગને પગલે અન્ય વસાહતીઓના જીવ પણ અધ્ધર થઈ ગયા હતા. જયારે ફાયર બિગ્રેડને કોલ મળતા ફાયર જવાનો તાત્કાલીક પહોંચી ગયા હતા અને પાણીનો છંટકાવ કરીને આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે આ બનાવમાં કોઈ જાનહાની થઈ નથી.

# ભાટ પાસે ગાડીનો કાચ તોડી રૂ. ૭૮ હજારની ચોરી

ગાંધીનગર, તા.૨૦

ભાટ સ્કાય ફોરેસ્ટ કોમ્પ્લેક્ષમાં આવેલ મેડ ઓવર ગ્રીન હોટલના પાર્કિંગમાં પાર્ક કરેલી ગાડીનો કાચ તોડી રોકડ રૂ.૭૮ હજારની ચોરી થવા પામી છે. ચોર શખ્સો કારમાંથી બેગ સહિત એટીએમ, પાનકાર્ડ અને આધારકાર્ડ પણ લઈ ગયા છે. બનાવ અંગે પોલીસે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સાબરમતિ નાથાજી ભગાજીનો ટેકરો, જવાહર ચોક સાબરમતી ખાતે રહેતા હર્ષદભાઈ પરીખ ગોદરેજ ગાર્ડન સીટી ખાતે રીયલ એસ્ટેટના વેપાર સાથે સંકળાયેલા છે. ગત તા.૧૯ ના રોજ હર્ષદભાઈ પરીખ પરિવાર અને સાળા સાથે જમવા માટે ભાટ મેડ ઓવર ગ્રીન હોટલ ખાતે ગયા હતા. આઈ ટેન સ્પોર્ટસ કાર નં. જી.જે.૦૧.એચ.વાય.-૧૫૩૬ પાર્કિંગ ખાતે પાર્ક કરી હતી. જયારે હોટલમાં જમીને પરત ફરતા જોયુ તો પાર્કિંગમાં પાર્ક કરેલી ગાડીનો એક સાઈડનો કાચ તુટેલો હતો. જયારે કારમાં પાછળની સીટમાં રહેલી બ્રાઉન કલરની બેગ ન હતી. જેમાં ફરીયાદીની માતા તેમજ પુત્ર અને પત્નીનું આધારકાર્ડ, પાનકાર્ડ અને ૪ એટીએમ કાર્ડ સહિત રોકડા રૂ.૭૮ હજાર ની મત્તાની ચોરી થવા પામી છે. આસપાસના વિસ્તારમાં બેગ અંગે પુછપરછ કરી શોધખોળ કરી હતી પરંતુ કોઈ અત્તો પત્તો લાગ્યો ન હતો.જેથી બનાવ અંગે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ આદરી છે.



ગાંધીનગર એલસીબીની મહિલા ટીમના સભ્યો એએસઆઈ જાગૃતિબા ખુમાનસિંહ, મહિલા પોલીસ કોન્સ્ટેબલ શીતલબેન મગનભાઈ, કુસુમબેન કાનજીભાઈ અને મિતલબેન કાન્તીલાલ માણસા ખાતે પેટ્રોલીંગમા હતા.તે સમયે જાગૃતિબા ખુમાનસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે માણસા શહેરના માલવણ વાસ ખાતે રહેતા રોહિતજી નટુજી ઠાકોર અને તેના સાગરીત વિક્રમજી રાધુજી ઠાકોર વિદેશી દારૂનો વેપાર કરે છે. જયારે દારૂનો જથ્થો રોહિતજી ઠાકોરના ઘરે મુક્યો છે. જેથી મહિલા ટીમ રેઈડ કરીને રૂ.૧૩ હજારથી વધુની કિંમતની દારૂની નાની મોટી બોટલ કુલ નંગ-૫૭ જપ્ત કરી પ્રોહીએક્ટ મુજબ ગુનો નોંધાવી બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

